BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# સીટી ઓફ્ બ્રેમ્પટનને આ વર્ષે 8,000 વૃક્ષો રોપવા ગવર્મેન્ટ ઓફ્ કેનેડા પાસેથી

# $1.2 મિલિયનનું રોકાણ સુરક્ષિત કર્યું

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (ઓગસ્ટ 4, 2021) – આજરોજ, મેયર પૅટ્રિક બ્રાઉન (Patrick Brown); બ્રેમ્પટન સીટીના કાઉન્સિલર્સ; અને મિનિસ્ટર ઓફ્ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટના પાર્લામેન્ટરી સેક્રેટરી અને બ્રેમ્પટન ઇસ્ટ માટે મેમ્બર ઓફ્ પાર્લામેન્ટ, મનિન્દર સિધુ (Maninder Sidhu) દ્વારા આ વર્ષે બ્રેમ્પટનમાં લગભગ 8,000 વૃક્ષો રોપાતા જોવા મિનિસ્ટર ઓફ્ નેચરલ રિસોર્સીસ, માનનીય સીમસ ઑરેગન જુનિયર (Seamus O'Regan Jr.) વતી $1,280,000 નું રોકાણ કરવાની જાહેરાત કરવામાં આવી.

આનાથી ગવર્મેન્ટ ઓફ્ કેનેડાની 10 વર્ષોના સમયગાળામાં બે બિલિયન વૃક્ષો રોપવાની યોજનાને, અને સીટી ઓફ્ બ્રેમ્પટનની વર્ષ 2040 સુધીમાં એક મિલિયન વૃક્ષો રોપવાના દૂરંદેશીપણુંને ટેકો મળશે.

ગવર્મેન્ટ ઓફ્ કેનેડાના રોકાણથી બ્રેમ્પટનમાં શહેરી વૃક્ષોની છાયા ઊભી કરવામાં ફાળો મળશે. સીટી આ વૃક્ષોને પ્રાકૃતિકીકરણ સ્થળોએ, સ્ટ્રીટ્સની સાથે સાથે, ઉદ્યાનોમાં ટેબલલેન્ડ ટ્રીસ (પ્રમાણમાં સપાટ પહાડી જમીનોમાં વૃક્ષો) તરીકે, બુલેવાર્ડ્સમાં, અને સામુદાયિક વાવેતરોમાં રોપશે. બ્રેમ્પટનના વૃક્ષારોપણ કાર્યક્રમથી અંદાજે 35,500 ટન જેટલો ગ્રીનહાઉસ ગેસ (GHG) 50 વર્ષોના સમયગાળામાં દૂર થશે.

એક હરિયાળા શહેર તરીકે, બ્રેમ્પટન પોતાના ટકાઉ આબોહવા પ્રયત્નોના ભાગરૂપે પોતાનું શહેરી જંગલ વધારવા કટિબદ્ધ છે. વર્ષ 2040 સુધીમાં એક મિલિયન વૃક્ષો રોપવા એ બ્રેમ્પટનનો ગ્રો ગ્રીન એન્વાયરોન્મેન્ટલ માસ્ટર પ્લાન (EMP), અર્બન ફોરેસ્ટ મેનેજમેન્ટ પ્લાન (UFMP), અને કમ્યુનિટી એનર્જી એન્ડ એમિશન્સ રિડક્શન પ્લાન (CEERP) નો ભાગ છે.

બ્રેમ્પટન સીટી કાઉન્સિલે સપ્ટેમ્બરને ટ્રી મન્થ (વૃક્ષારોપણ મહિનો) તરીકે નિર્ધારિત કર્યો છે! આ વાર્ષિક ઉજવણીથી વૃક્ષોના મહત્વની જાગરૂકતા વધશે, બ્રેમ્પટનના શહેરી જંગલનું સંરક્ષણ કરવામાં અને વધારવામાં, નાગરિકોની સામેલગીરી વધારવામાં, આરોગ્યપ્રદ અને આબોહવા સ્થિતિસ્થાપક સમુદાયોનું નિર્માણ કરવામાં, પર્યાવરણલક્ષી સંરક્ષકપણું પોષવામાં, અને સીટીના એક મિલિયન વૃક્ષોનું લક્ષ્ય હાંસલ કરવામાં મદદ મળશે. વિગતો ટૂંક સમયમાં વેબસાઇટ www.brampton.ca/trees પર ઉપલબ્ધ થશે.

**કડીઓ (લિંક્સ)**

- બે બિલિયન વૃક્ષોના ભાગ તરીકે બ્રેમ્પટનમાં વૃક્ષારોપણ કરવું

**અવતરણો (ક્વૉટ્સ):**

"બ્રેમ્પટન એક ગ્રીન સીટી છે અને અમે આપણાં વૃક્ષો, છોડ અને હરિયાળી જગ્યાઓનું સંરક્ષણ કરવા કટિબદ્ધ છીએ. આપણું શહેરી જંગલ આપણાં સમુદાયનો અભિન્ન ભાગ છે, અને હું વર્ષ 2040 સુધીમાં બ્રેમ્પટનમાં એક મિલિયન વૃક્ષો રોપવાનું આપણું લક્ષ્ય હાંસલ કરવામાં મદદ મેળવવા, અને ગવર્મેન્ટ ઓફ્ કેનેડાની 10 વર્ષોમાં બે બિલિયન વૃક્ષો રોપવાની યોજનાને ટેકો આપવા આ ભંડોળને આવકારું છું."

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ્ બ્રેમ્પટન*

"બ્રેમ્પટનના શહેરી જંગલમાં ગવર્મેન્ટ ઓફ કેનેડાના રોકાણથી આપણી સ્થિરતા અને આબોહવા લક્ષ્યોમાં સીધો ફાળો મળશે. બ્રેમ્પટન એક હરિયાળુ શહેર બની રહે તેની ખાતરી કરવા ઘણું કામ થઈ રહ્યું છે, અને આ વૃક્ષોથી આપણાં સમુદાયમાં તફાવત ઊભો થશે."

- *રોવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર,વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

"સીટીના કર્મચારીઓ બ્રેમ્પટનમાં રોકાણ લાવવા સમર્પિત છે. આપણાં શહેરમાં ગવર્મેન્ટ ઓફ કેનેડાના મહત્વના રોકાણને અમે આવકારીએ છીએ. અમારા ભાગીદારો સાથે મળીને, અમે હરિયાળા ભાવિનું નિર્માણ કરવા કટિબદ્ધ છીએ."

- *ડેવિડ બારિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

"બિલકુલ અહીં બ્રેમ્પટનમાં સહિત, સમગ્ર કેનેડામાં વૃક્ષારોપણ કરવાથી આપણાં વર્ષ 2030 નાં આબોહવા લક્ષ્યો અને વર્ષ 2050 સુધીમાં નેટ-ઝીરો એમિશન (ઉત્સર્જન) હાંસલ કરવામાં આપણને મદદ મળશે. બે બિલિયન વૃક્ષોની પહેલ બ્રેમ્પટનવાસીઓને વધારે ચોખ્ખી હવા અને બહુ ચડિયાતી છાયા માટે વધારે ચોખ્ખી હવા અને વિસ્તૃત જંગલની છત, તેમજ હરિયાળી નોકરીઓનું સર્જન પૂરું પાડશે. હું રોકાણ વિશે બહુ રોમાંચિત છું, કારણ કે તે આ પેઢી પર તેમજ આગામી પેઢીઓ પર પ્રભાવ પાડશે!"

- *મનિન્દર સિધુ (Maninder Sidhu), મિનિસ્ટર ઓફ ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટના પાર્લામેન્ટરી સેક્રેટરી અને બ્રેમ્પટન ઈસ્ટ માટે મેમ્બર ઓફ પાર્લામેન્ટ*

"બે બિલિયન વૃક્ષો રોપવા એ આબોહવા માટે કાર્યવાહી કરવાની યોજનાથી વધુ છે. તે હજારો સારી, હરિયાળી નોકરીઓ સર્જવા માટેની યોજના છે. અમે સમગ્ર દેશભરમાં વૃક્ષારોપણ પ્રોજેક્ટ્સ શરૂ કરી રહ્યાં છીએ. વૃક્ષારોપણ આપણને નેટ-ઝીરો સુધી પહોંચાડે છે."

- *માનનીય સીમસ ઑરેગન જુનિયર (Seamus O'Regan Jr.), મિનિસ્ટર ઓફ નેચરલ રિસોર્સીસ*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રેમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

**મીડિયા સંપર્કો**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca

ઈયાન કૅમેરોન (Ian Cameron)
સીનિયર કમ્યુનિકેશન્સ એડવાઈઝર
ઓફિસ ઓફ ધી મિનિસ્ટર ઓફ નેચરલ રિસોર્સીસ
613-447-3488 | Ian.Cameron@canada.ca

મીડિયા રિલેશન્સ
નેચરલ રિસોર્સિસ કેનેડા
ઓટાવા
343-292-6100 | NRCan.media.RNCan@canada.ca